બાનાખતનો કરાર લેખ

રજીસ્ટ્રેશન ગુજરાત સ્ટેટમાં ડીસ્ટ્રીક્ટ મહેસાણાના સબ ડીસ્ટ્રીક્ટ કડીના મોજે **કડી-કસ્બા**ની સીમના **રી-સર્વે નં.૧૮૯૫/૩** (જુનો સર્વે નં.૩૭૮/૨) ક્ષેત્રફળ-૦-૩૫-૭૬ યાને ૩૫૭૬ ચો.મી. આકાર રૂા.૨૮૮.૦૦ વાળી રહેણાંકના હેતુસારૂ બીનખેતી ઉપયોગી થયેલી જમીનમાં **''આનંદમ્ બંગ્લોઝ''** નામની યોજનામાં રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવેલ છે.તે મકાનો પૈકી મકાન નંગ ૧ (એક) છે.જેનો **મકાન નં....(.........)** છે.જે બાંધકામવાળી મીલકતનું **વેચાણ કરવા અંગેનું બાનાખત.**

એક તરફવાળા :-...............
લખાવી લેનાર :- ધર્મે-હિન્દુ,ધંધો-વેપાર,
રહેવાસી - ....

।। જેમને હવે પછી સદર બાનાખતમાં તમો અને અગર એક તરફવાળા લખાવી લેનાર વેચાણ લેનાર એ રીતે સંબોધવામાં આવે છે.જે શબ્દના અર્થના સંબંધમાં તમો તમારા વંશ,વાલી, વારસો , એસાઈનો ,સક્સેસરો ,એકઝીક્યુટો , એડમીનીસ્ટ્રેટરો ,ટ્રાન્સફરીઓ ઈત્યાદી તમામ વળગતાનો સમાવેશ થાય છે.।।

બીજી તરફવાળા :-યુનિટી બિલ્ડર્સ એ નામથી ચાલતી ભાગીદારી
લખી આપનાર :-પેઢીના વહીવટકર્તા ભાગીદાર :-
પટેલ અમરીશભાઈ ચંદુલાલ
ઉ.વ.આ.૩૯,ધર્મે-હિન્દુ,ધંધો-વેપાર,
PAN NO. AAFFU 9168 C
ઓફીસ :- ૫/એ, પ્લેટીનમ પ્લાઝા,જય કિશાન પેટ્રોલપંપની બાજુમાં,કડી-છત્રાલ રોડ,કડી,તા.કડી, જી.મહેસાણા.
રેરા રજીસ્ટ્રેશન નં...................................

।। જેમનો હવે પછી સદર બાનાખતમાં અમો અને અગર બીજી તરફવાળા લખી આપનાર, વેચાણ આપનાર એ રીતે સંબોધવામાં આવે છે.જે શબ્દના અર્થના સંબંધમાં અમો અમારા વંશ,વાલી, વારસો ,એસાઈનો ,સક્સેસરો , એકઝીક્યુટરો એડમીનીસ્ટ્રેટરો ટ્રાન્સફરીઓ ઈત્યાદી તમામ વળગતાનો સમાવેશ થાય છે.।।

.. અમો બીજી તરફવાળાની માલીકી અને કબજા ભોગવટાની જમીન જે રજીસ્ટ્રેશન ગુજરાત સ્ટેટમાં ડીસ્ટ્રીકટ મહેસાણાના સબ ડીસ્ટ્રીકટ

કડીના મોજે **કડી-કસ્બા**ની સીમના **ખાતા નં.૧૧૮૭૦** ના **રી-સર્વે નં.૧૮૯૫/3** (જુનો સર્વે નં.૩૭૮/૨) ક્ષેત્રફળ-૦-૩૫-૭૬ યાને ૩૫૭૬ ચો.મી. આકાર રૂા.૨૮૮.૦૦ ભરવાવાળી જમીનમાં **''આનંદમ્ બંગ્લોઝ''** નામની યોજનામાં બીનખેતી રહેણાંકના હેતુસારૂ ૧ થી ૨૧ એમ મળી કુલ ૨૧ નંગ મકાનો બનાવવામાં આવેલા છે.સદર મકાનો પૈકી મકાન નંગ ૧ (એક) જેનો **મકાન નંબર-.... (.......)** છે.જેનો કારપેટ એરીયા ગ્રાઉન્ડ ફ્લોર............ચો.મી. તથા ફર્સ્ટ ફ્લોર ....ચો.મી. તથા સેકન્ડ ફ્લોર................ચો.મી. છે.(બહારની દિવાલો તથા બાલ્કની બાદ કરતા) જેની સંપુર્ણ વિગત નીચે પ્રમાણે છે.

રહેણાંક મકાન નંબર	રહેણાંક પ્લોટ ચોરસ મીટર	મકાન બાંધકામ ચોરસમીટર	વણ વહેંચાયેલી તબદીલ ન થઈ શકે તેવી વરાડે પડતી કોમન પ્લોટ તથા કોમન રસ્તાની જમીન ચોરસ મીટર	કુલ ચોરસ મીટર
.....	.....	ગ્રાઉન્ડ ફ્લોર .... ફર્સ્ટ ફ્લોર .... સેકન્ડ ફ્લોર	.....	.....

ઉપરોક્ત જમીનનો બીનખેતી ઉપયોગ કરવાની પરવાનગી કલેકટરશ્રીએ તેઓએ તેમના હુકમ નં.એલ.એન.ડી./એન.એ.પી./એસ.આર.-૧૮/૨૦૧૨-૧૩,તા.૧૯/૧૨/૧૩ જેની હક્કપત્રક નોંધ નં..........., તા................ ના રોજ પ્રમાણિત થયેલ છે.

તે બીનખેતીવાળી જમીન બીજી તરફવાળાએ તા.અ.નં.૪૯૦, તા.૨૭/૧/૨૦૧૬ દસ્તાવેજથી વેચાણ લેખ કડી સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધાયેલ છે.જેની વેચાણ નોંધ નં.૩૧૯૮૫,તા. ૬/૨/૨૦૧૬ ના રોજ પડેલ છે.અને તા.૨૮/3/૨૦૧૬ ના રોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ અમો અરજદારશ્રીએ સમયમર્યાદામાં બીનખેતીની શરતોનું પાલન કરવા કલેક્ટરશ્રી મહેસાણાને મુદ્દત વધારા માટે અરજ કરેલ.અને ના.સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં.બપપ/૧૨૯૧/૧૩૫૧/ક તા.૩૧/૩/૯૧ ની જોગવાઈ અનુસાર કલેક્ટર સાહેબના મુદ્દત વધારાનો હુકમ નં.સીટીએસ/બી.મુ./એસ.આર./૫૮/૨૦૧૮,તા. ૨૨/૧૦/૨૦૧૮ ના રોજ મુદ્દત વધારો કરી આપેલ છે.

કલેક્ટર સાહેબના મુદ્દત વધારાના હુકમ અન્વયે કડી નગરપાલિકા પાસેથી બાંધકામ પરવાનગી માટે અરજ કરેલ અને તે અનુસાર કડી વિકાસ સત્તામંડળ (કડી નગરપાલિકા) દ્વારા પરવાનગી નં.૨૪ થી તા.૧૧/૧/૨૦૧૯ ના રોજ વિકાસ પરવાનગી માટે રજાચિઠ્ઠી મળેલ છે.

સદરહું મીલકત મોજે કડી-કસ્બા **રી-સર્વે નં.૧૮૯૫/૩** (જુનો સર્વે નં.૩૭૮/૨) ક્ષેત્રફળ-૦-૩૫-૭૬ યાને ૩૫૭૬ ચો.મી. વાળી જમીન અમો લખી આપનારા વેચાણ દસ્તાવેજથી કાયદેસરના માલીકી મુખત્યાર બનેલા છીએ.સદરહું જમીન રેવન્યુ રેકર્ડમાં અમો લખી આપનારના સ્વતંત્ર નામે ચાલે છે.અને તેનો માલીકી હક્ક કબજા ભોગવટો ધરાવીએ છીએ.

સદરહું મોજે કડી-કસ્બા **રી-સર્વે નં.૧૮૯૫/૩** (જુનો સર્વે નં.૩૭૮/૨) વાળી જમીનમાં કડી નગરપાલીકા દ્વારા મંજુર થયેલ લે-આઉટ પ્લાન આધારે બિલ્ડીંગ પ્લાન તથા રજાચિઠ્ઠી નંબર-૨૪,તા.૧૧/૧/૨૦૧૯ ના રોજથી લે-આઉટ પ્લાન તથા બિલ્ડીંગ પ્લાન મંજુર કરીને કુલ ગ્રાઉન્ડ ફ્લોર-......... ચો.મી.તથા ફર્સ્ટ ફ્લોર-............ ચો.મી. તથા સેકન્ડ ફ્લોર-............. ચો.મી.એમ મળી .... ચો.મી.બાંધકામ મંજુર કરેલ છે.જેના મકાન નં.૧ થી ૨૧ માં બાંધકામ કરવાની પરવાનગી આપેલી છે.તે પરવાનગીમાં જણાવ્યા મુજબ સદરહું જમીનમાં અમો બીજી તરફવાળાએ પોતાના ખર્ચે ડેવલોપમેન્ટનું કાર્ય શરૂ કરેલુ છે.તે યોજનાનું નામ **''આનંદમ્ બંગ્લોઝ''** નામની યોજનાનું આયોજન કરેલુ છે.તે યોજનામાં મકાન નંબર-......... બાંધકામ સહીતની રૂા................./- પુરામાં વેચાણ આપેલ છે.જેના બાનાપેટે રૂા........

................/-પુરા ચેકથી બીજી તરફવાળાને ચુકતે મળેલ છે.ત્યારબાદ બાકી રહેતા અવેજની રકમ રૂા............../- પુરા (........)............ માસમાં ચુકવી વેચાણનો દસ્તાવેજ કરાવી લેવાનો રહેશે તે સમયે સદર મીલકત આ બાનાખતથી વેચાણ આપવાનું નક્કી કરેલ મીલકતની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

આ પ્રોજેક્ટ ગુજ.રેરા હેઠળ નોંધવામાં આવેલ છે.રજીસ્ટ્રેશન નંબર .... ના દ્વારા ઈસ્યુ થયેલ છે.

પૂર્વે :-
પશ્ચિમે :-
ઉત્તરે :-
દક્ષિણે :-

જો આ કરારની કોઈપણ જોગવાઈ અધિનિયમ અથવા નિયમો વિનિયમો હેઠળ રદબાતલ અથવા બહિષ્કૃત અથવા અમલ કરવા માટે નિર્ધારીત કરવામાં આવશે.તે પછી અથવા અન્ય લાગુ કાયદા હેઠળ એગ્રીમેન્ટ્સના આવા જોગવાઈઓ ઉદેશ્ય સાથે વાજબી રીતે વિરોધાભાસી હોવાનું માનવામાં અથવા કાઢી નાંખવામાં આવે છે.

આ કરારઅને એક્ટ અથવા નિયમોને અનુરૂપે થવા માટે જરૂરી હદ સુધી અને તે હેઠળ બનાવેલ નિયમો અથવા લાગુ કાયદા હો,અને આ કરારની બાકી જોગવાઈ માન્ય રહેશે અને આ કરારના અમલ સમયે લાગુ પડતા અમલ પાત્ર.

આથી પ્રમોટર જાહેર કરે છે કે ફલોર સ્પેસ ઈન્ડેક્ષ (એફ.એસ.આઈ.) જે આ પ્રોજેક્ટની બાબતમાં આજની તારીખે મળવાપાત્ર છે તે ....ચો.મી. માત્ર છે.અને પ્રમોટરે............એફ.એસ. એલ. વાપરવાની યોજના કરી છે.અને તેનો લાભ પ્રીમીયમની ચુકવણી વખતે ટી.ડી.આર. અને એફ.એસ.એલ. નો લાભ આપવો અથવા મળવાપાત્ર એફ.એસ.એલ. ડેવલોપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશનમાં દર્શાવેલ વિવિધ યોજનાઓના અમલ વખતે એક પ્રેરકબળ તરીકે આપવો.

જે પ્રમોટર આ યુનિટનો એલોટીને કબજો નિશ્ચિત તારીખે આપવામાં તેના કાબુ બહારના કારણોને કારણે અથવા તેના એજન્ટના કારણે નિષ્ફળ જાય અથવા અવગણના કરે તો પ્રમોટર પેમેન્ટની તારીખથી તેની ભરેલી રકમ વ્યાજ સહીત જેનો ઉલ્લેખ અંદર થયેલો છે.તે મુજબ યુનિટ સબબ એલોટીને માંગણી મુજબ આપવા બંધાયેલો છે.

આ એગ્રીમેન્ટ કર્યા બાદ,પ્રમોટર આ યુનીટ પર લોન લઈ શકશે નહી કે ચાર્જ ઉભા કરી શકશે નહી.અને જો તેમ કરવામાં આવશે તો કાયદામાં જે તે સમયે જે કાંઈ પણ હોય કે કાયદાના અમલમાં હોય તો પણ આવી ગીરો કે ચાર્જ ના હક્ક કે હીતને અસર કરશે નહી.

જો આ એગ્રીમેન્ટની કોઈ જોગવાઈ કોઈ કાયદા,કાનુન,નીતી નીયમો લાગુ પડતી કલમો મુજબ નીરર્થક અથવા અમલ ન કરી શકાય તેવી હશે તો એગ્રીમેન્ટની આવી જોગવાઈઓ સુધારેલ અથવા દુર થયેલી યાને ડીલીટ થયેલી ગણાશે.જો તે એગ્રીમેન્ટના હેતુ સાથે વ્યાજબી રીતે અસંગત હશે તો જ દુર કરવામાં આવશે.અને અમુલ હદે જરૂરીયાત મુજબ કાયદા કે નીતી નિયમો કે લાગુ પડતા કાયદા હેઠળ,જે પરિસ્થિતિ હોય તેમ,કાયદાને કન્ફોર્મ કરવી અને આ એગ્રીમેન્ટની બાકીની જોગવાઈઓ યથાવત રહેશે.

સદર સ્કીમમાં આવેલ મીલકત એક તરફવાળા અને બીજી તરફવાળા માટે મીકલત માટેની ખુબ જ જરૂરી વિગતો નીચે પ્રમાણે છે.

સદર મીલકતનું કામપૂર્ણ થયેથી સમયસર મીલકતનો કબજો અમલ બીજી તરફવાળાએ સોંપવાનો છે.તેમજ કમ્પ્લીશન સર્ટીફીકેટ (બી.યુ.પી.) પરમીશન આપવાનું રહેશે.

સદર મીલકતનું નક્કી કરેલ કરાર મુજબ એકતરવાળાએ સમયસર પેમેંટ ચુકવવાનું રહેશે.અને જો તમો એક તરફવાળા સમયસર પેમેંટ ચુકવવામાં નિષ્ફળ કે વિલંબ થાય તો તમો એક તરફવાળાએ અમો બીજી તરફવાળાને વ્યાજ.....% ચુકવવાના રહેશે અને જો અમો બીજી તરફવાળા મીલકતનો કબજો સમયસર તમો એક તરફવાળા ન સોંપીએ તો તે સમયનું વ્યાજ.......% અમો ચુકવવાનું રહેશે.

સદર સ્કીમમાં આવેલ મીલકતનું અમો બીજી તરફવાળાએ તૈયાર કરીને ૧૫ દિવસની નોટીસ આપીને એક તરફવાળાને જાણ કરવાની રહેશે અને સદર મીલકતનું સંપૂર્ણપણ ચકાસણી કરીને આપેલ તમામ એમીનીટીસ યોગ્ય છે કે કેમ તે તપાસી એક તરફવાળાએ પ્રત્યક્ષ કબજો લેવાનો રહેશે.

સદર મીલકતનું પજેશન લીધા પછી પાંચ વર્ષ સુધી મીલકતના સ્ટ્રકચરમાં કોઈપણ પ્રકારની તકલીફ થાય તો તે બીજી તરફવાળાએ રીપેરીંગ કરી આપવાનું રહેશે.પરંતુ સદર મીલકતની અંદર એક તરફવાળાએ કોઈપણ જાતનું તોડફોડ કે સુધારા વધારા કે સ્ટ્રકચરમાં ફેરફાર કરેલ હશે તો તેની તમામ જવાબદારી એક તરફવાળાની રહેશે.તેવી તમામ સ્પષ્ટ શરતો સાથે સદર મીલકતનો વેચાણ દસ્તાવેજ એક તરફવાળા અને બીજી તરફવાળાએ કરેલ છે.

વિવાદનું નિરાકરણ કોઈપણ વિવાદનો નિકાલ સમાધાનથી લાવવાનો રહેશે.જો સમાધાનથી ઉકેલ ન આવે તો રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેપલપમેન્ટ એક્ટ,૨૦૧૬ ના નિયમો અને શરતોની જોગવાઈઓને આધીન રેરા સત્તા સમક્ષ પ્રસ્તુત કરવામાં આવશે.

સદર કરારની રૂએ ઉદભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે તે વખતના લાગુ કાયદા કાનુન અનુસાર કરવાનું રહેશે અને ન્યાયક્ષેત્ર મહેસાણાની કોર્ટનું રહેશે.

અવેજ ચુકવણી માટેની વિગત :-

૧. એલોટરીએ આ એગ્રીમેન્ટ થાય તે પહેલા કે સમયે રૂા............ ....(કુલ રકમના ૧૦ ટકાથી વધુ નહી) તેણે એડવાન્સ ચુકવણી કરેલી છે.અથવા એપ્લીકેશન ફી આપી છે અને આથી ....બેલેન્સ એમાઉન્ટ રૂપીયાની ચુકવણી કરવા સહમતી આપીએ.

૨. રકમ રૂા...................(રૂપિયા ફક્ત...........................) (કુલ રકમના ૩૦ ટકાથી વધુ નહી) એગ્રીમેન્ટ થવા બાદ ચુકવણી

૩. રકમ રૂ...................(રૂપિયા ફક્ત............................)
(કુલ રકમના ૪૫ ટકાથી વધુ નહી) બિલ્ડીંગની પ્લીન્થ પુરી થયે આપવા.

૪. રકમ રૂ...................(રૂપિયા ફક્ત............................)
(કુલ રકમના ૭૦ ટકાથી વધુ નહી) સ્લેબ લેવલે.

૫. રકમ રૂ...................(રૂપિયા ફક્ત............................)
(કુલ રકમના ૭૫ ટકાથી વધુ નહી) દિવાલો અંદરનું પ્લાસ્ટ, ફ્લોરીંગ,ડોરના બાંધકામ બાદ ચુકવવા.

૬. રકમ રૂ...................(રૂપિયા ફક્ત............................)
(કુલ રકમના ૮૦ ટકાથી વધુ નહી) સેનેટરી ફીટીંગ્સ,સીડીઓ પૂર્ણ થયા બાદ.

૭. રકમ રૂ...................(રૂપિયા ફક્ત............................)
(કુલ રકમના ૮૫ ટકાથી વધુ નહી) બહારના પ્લમ્બીંગ,પ્લાસ્ટર

૮. રકમ રૂ...................(રૂપિયા ફક્ત............................)
(કુલ રકમના ૯૫ ટકાથી વધુ નહી) ઈલેકટ્રીક ફીટીંગ વખતે..

૯. રકમ રૂ...................(રૂપિયા ફક્ત............................)
બાકીની રકમ કબજો સોંપતી વખતે.

સદર કરાર હેઠળની મીલકતનો પ્રત્યક્ષ કબજો તમો એક તરફવાળાએ પાકો વેચાણ દસ્તાવેજ સમયે સોંપીશું.

પ્રમોટરે, સન-૨૦૨૩ ના જુન મહિનાની 30 તારીખ અથવા તે પહેલા મકાનનો કબજો એલોટીને આપવો જોઈએ પ્રમોટર,પોતાના અથવા પોતાના એજન્ટના કાબુ બહારના કારણસર,ઉપર્યુકત તારીખ સુધીમાં,એલોટીને મકાનનો કબજો ન આપે અથવા આપવામાં બેદરકારી દાખવે,તો તેવા કિસ્સામાં પ્રમોટર,માંગણી કર્યેથી,અહીં ઉપર જણાવવામાં આવે તેટલા દરે વ્યાજ સહીત મકાનના સંબંધમાં પોતે અગાઉ મેળવેલ

આ એગ્રીમેન્ટ કર્યા બાદ, પ્રમોટર આ યુનિટ પર લોન લઈ શકશે નહી કે ચાર્જ ઉભા કરી શકશે નહી. અને તેમ કરવામાં આવશે તો કાયદામાં જે તે સમયે કાંઈ પણ હોય કે કાયદાના અમલમાં હોય તો પણ આવી ગીરો કે ચાર્જના હક્ક કે હીતને અસર કરશે નહી.

રકમ,પ્રમોટર જે તારીખે તે રકમ મેળવે તે તારીખથી,તે રકમ અને તેના પરનું વ્યાજ પરત ચુકવવામાં આવે તે તારીખ સુધી એલોટીને રીફંડ કરવા જવાબદાર રહેશે.

પરંતુ, (૧) યુધ્ધ,પ્રજા પ્રજાક્ષોભ (Civil Commotion) અથવા દૈવી કૃત્યને કારણે

(૨) સરકાર અને/અથવા બીજા જાહેર અથવા સક્ષમ સત્તામંડળ/ કોર્ટની કોઇ નોટીસ,હુકમ,નિયમ,જાહેરનામાને કારણે,

મકાન જે સ્કીમમાં આવેલુ હોય તે મકાનનું બાંધકામ પૂર્ણ થવામાં વિલંબ થાય,તો ઉપર્યુક્ત તારીખે મકાનની ડિલિવરી આપવા (સોંપણી કરવા) માટેનો સમય વાજબી રીતે લંબાવવા પ્રમોટર હક્કદાર રહેશે.

પ્રમોટરે,મકાનનું બાંધકામ પુરુ થાય અને સક્ષમ સત્તાધિકારી દ્વારા ભોગવટા પ્રમાણપત્ર આપવામાં આવે તે પછી,ત્રણ ટકાની વેરીએશન કેપ (Variation Cap) ને આધીન રહીને,ભોંયતળ વિસ્તારમાં કોઇ ફેરફાર,હોય તો,તેની વિગતો રજુ કરીને,એલોટીને ફાળવવામાં આવેલા આખરી ભોંયતળ વિસ્તારને મંજુર આપવાની રહેશે અને તેમાં એલોટી સંમત રહેશે.

સદર કરાર હેઠળ મીલકતનો પ્રત્યક્ષ કબજો પુરેપુરો વેચાણ અવેજ ચુકતે થયેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વખતે તમો એક તરફવાળાને સોંપવાનો છે અને રહેશે.

સદરહું મીલકતના વેચાણ દસ્તાવેજ સમયે,સ્ટેમ્પ,નોંધણી ફી,લખાઇ ફી વિગેરે તમામ ખર્ચ તમો વેચાણ દસ્તાવેજ લખાવી લેનારે ભોગવવાની રહેશે.

સદર મીલકતનો વેચાણ દસ્તાવેજ તારીખ સુધીના તમામ વેરા,કર, વિગેરે જે કાંઇ આવે તે અમો બીજી તરફવાળાએ ભરવાના છે.

ઉપરના વર્ણનવાળી મીલકત અમો બીજી તરફવાળાઓની ભાગીદારી પેઢીની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની છે.અને તેમાં અમો બીજી તરફવાળા સિવાય બીજા કોઈનો કોઈપણ જાતનો લાગભાગ

હક્ક હિત,સંબંધ નથી.સદર મીલકતના ટાઈટલ ચોખ્ખા અને ક્લીયર છે.અને તે વેચાણ આપવાનો અમો બીજી તરફવાળાને પુરતો હક્ક અને અધિકાર છે.

સદર બાનાખતનો કરાર લેખ અમો બીજી તરફવાળાએ અમારી રાજીખુશીથી વાંચી,સમજી,વિચારી,વાકેફ થઈ કોઈના કોઈપણ જાતના દાબ-દબાણને વશ થયા વિના અક્કલ હોંશિયારીથી લખી આપેલ છે.જે અમોને તથા અમારા વંશ,વાલી,વારસોને કબુલ,મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

તા. / /૨૦૧૯.

એક તરફવાળા :-
લખી આપનાર :-

(યુનિટી બિલ્ડર્સ)

નીચેના સાક્ષીઓએ રૂબરૂમાં સહી મત્તાં કરી આપેલ છે.

(૧) ------------------------------

(૨) -------------------------------

રજીસ્ટ્રેશન અધિનિયમન કલમ ૩૨ (અ) હેઠળનું પરીશીષ્ટ

એક તરફવાળા:- ફોટો ડાબા
લખાવી લેનાર :- હાથના
અંગુઠાનું
નિશાન

(..............)

બીજી તરફવાળા :-
લખી આપનાર :-

(યુનિટી બિલ્ડર્સ)